# ભલી દરકાસ મરણ પામી અને ફરીથી જીવન પામી

આમાંથી કોઈપણ બાળ પ્રવૃત્તિ પસંદ કરો.

**પ્રાર્થના :** પ્રિય પ્રભુ, જરૂરીયાતોવાળા લોકોને માટે બાળકોને પ્રેમ દર્શાવવા સહાય કરો.

**પ્રવૃત્તિ :** શક્ય હોય તો ભૂખ્યાં લોકોને ખોરાક આપતા આ ચિત્રની નકલ કરવા સહાય કરો.

કોઈ મોટો બાળક કે શિક્ષક **પ્રે.કૃ. ૯ : ૩૨ - ૪૨**માં આલેવી વાર્તા કહે. આરંભના વિશ્વાસીઓ ગરીબોની કેવી કાળજી રાખતા હતા તે વિષે તેમાં બતાવ્યું છે.

વાર્તા કહ્યા પછી **પ્રશ્નો પૂછો** પ્રશ્ન પછી જવાબો પણ છે.)

- દરકાસ કેવી વ્યક્તિ હતી ? (૩૬મી કલમ જુઓ)
- તે મરી ગઈ ત્યારે વિશ્વાસીઓએ શું કર્યું ? (૩૮ મી કલમ જુઓ)
- તે ઓરડીમાં કોણ રડતા હતા ? (૩૯ મી કલમ જુઓ)
- દરકાસના મરણ વિષે ગરીબોને કેવું લાગતું હતું ? (૩૯મી કલમ જુઓ)
- દરકાસને પુનર્જિવિત કરતાં પહેલા પિતરેકે લોકોને શું કહ્યું ? (૪૦ મી કલમ જુઓ)
- આ ચમત્કારનું પરિણામ શું આવ્યું ? (૪૨ મી કલમ જુઓ)
- જરૂરીયાતવાળાને મદદ કરવાના નાટકમાં મહત્વનો ભાગ ભજવો. (તમામ ભાગ તમારે કરવાના નથી). વાસ્તવિક રીતે જરૂરીયાતવાળાઓને મદદ કરવાના માર્ગો વિષે બાળકો નાટક ભજવે.
- **કેટલાક બાળકો નીચેના પાત્રો ભજવો.**
  ૧. ભલી વિધવા.
  ૨. અનાથ બાળક.
  ૩. દુઃખી કેદી.
  ૪. થાકેલા મુસાફરો.
  ૫. માંદી પડોશી
  ૬. ખોવાયેલું બાળક જેને પોતાના ઘરની યાદ નથી.
  ૭. આ જરૂરીયાતવાળા લોકોને નિત્ય મળતા વિશ્વાસીઓ.
- પ્રત્યેક જરૂરીયાતવાળી વ્યક્તિ પોતાની વાત કહે. પછી બાળકો બતાવે કે ખરેખર આવી વ્યક્તિ તેમને મળે ત્યારે તેઓ શું કરશે.
- જો બાળકો સારા ઉદાહરણો આપી ન શકે તો નીચેની બાબતો કહો.
  ૧. વિધવાને ખોરાક આપવો.
  ૨. અનાથને ઘર અપાવવું.
  ૩. કેદીઓની મુલાકાત લેવી.
  ૪. મુસાફરોને સૂવા માટે જગ્યા આપવી.
  ૫. માંદા માટે પ્રાર્થના કરવી અને તેમની સારવાર કરવી.
  ૬. બાળકને ઘેર લઈ જવું.

**દરકાસની વાર્તા**નું નાટક ભજવો. (પ્રે.કૃ. ૯ : ૩૨ - ૪૨)

મંડળીના આગેવાન સાથે મળીને આ નાટક ભજવવાનું આયોજન કરે.

- જો સમય મર્યાદિત હોય તો વાર્તાના ઓછા મહત્વના ભાગો છાડી દો.
- જો પૂરતા બાળકો ન હોય તો મોટેરાંની મદદ લો.
- દરેક પોતાનો પાઠ યાદ રહી જાય ત્યાં સુધી અભ્યાસ કરો.
- અભિનય કર્તાઓ પોતાના વાક્યો અને અભિનય યાદ રાખે જ્યારે ઉદ્‌ઘોષક વાર્તાના તે ભાગ વિષે બોલે.
- મોટા બાળકો નાના બાળકોને મદદ કરે.
- મોટાંઓ, ઉદ્‌ઘોષક, પીતર અને દરકાસના પાત્રો ભજવે.
- નાના બાળકો, જોપ્પાના શિષ્યો તથા વિધવાઓનો ભાગ ભજવે.

**ઉદ્‌ઘોષક** : પ્રેરિતોના કૃત્યો ૯ : ૩૨ - ૪૨માંની દરકાસની વાર્તા બોલો.

પછી કહે - દરકાસ વિધવાઓને શું કહે છે. તે સાંભળો.

**દરકાસ** : મિત્રો, જુઓ, મેં તમારે માટે આ કપડાં સીવ્યા છે. તમને તેની જરૂર છે. તે મને ખબર હતી.

**વિધવાઓ** : દરકાસબહેન, તમારો આભાર. તમે જરૂરીયાતવાળાઓ પ્રત્યે ખૂબ જ દયાળુ છો.

**દરકાસ** : (માથું પકડીને ઢળી પડે છે.) ઓહ, મને કાંઈક થાય છે. મારે સૂઈ જવું છે. (પડી જાય છે.)

**શિષ્યો** : પીતરને બોલાવો. તેને કહે જો કે દરકાસ મરી ગઈ છે.

**પીતર** : જલ્દી કરો મારે દરકાસના ઘેર જવું છે. બધાં તેના માટે રૂદન કરતા હશે.વિધવાઓ અહીંથી બહાર નીકળો. પછી તેના માટે પિતર પ્રભુને વિનંતી કરે અને કહે, ''દરકાસ ઊઠ''

**દરકાસ** : બેઠી થઈને આસપાસ જુએ છે.

**વિશ્વાસીઓ તથા શિષ્યો** : ઈશ્વરની સ્તુતિ થાઓ

**ઉદ્‌ઘોષક** : તમામ મદદ કરનારાઓનો આભાર માનો.

મોટેરાં માટે પ્રશ્નો, જો બાળકો આ નાટક મોટેરાં સમક્ષ રજુ કરે તો કહો કે નાટક હવે પુરું થયું છે. **અને બાળકો તેમને પ્રશ્નો પૂછશે.**

**પૂછો** : જરૂરીયાતોવાળાઓની બીજી કઈ રીતે સેવા કરી શકાય ? મોટાં અને બાળકો ઉદાહરણો આપે.

**દોરો** : બાળકોને આ ચિત્રની નકલ કરવા કરવા કહો. ભજનના સમયે તેઓ આ ચિત્રો વડીલોને બતાવે અને કહે કે જરૂરીયાતવાળા લોકોને દરકાસ શું આપતી હતી. તેના આ ચિત્રો છે.

**ગીત** : ચાર બાળકો નીતિવચન ૧૧ : ૧૬, ૨૪, ૨૫ અને ૨૮ બોલે.

**મુખપાઠ** : માત્થી ૨૫ : ૪૦ ગરીબોની સેવા માટે મોટાં બાળકો ગીત વાર્તા લખે.

**પ્રાર્થના** : પ્રભુ, અનાથો, વિધવાઓ અને જરૂરીયાતોવાળાઓની સંભાળ લેવા અમારી મદદ કરો. જેમ તમે તેમના પર પ્રેમ રાખો છો. તેવો પ્રેમ કરતાં અમને શીખવો. દરકાસની જેમ તેઓની સેવા કરવાનું અમને શીખવો.

Copyright@2004 Paul - Timothy May be freely copied.
Download from www.paul-timothy.net